અપીલ અરજી નં.૧૫૮/ ૦૮–૦૯ તા.૮–૯–૦૮

અરજદાર: શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળા: જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમ:–

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૬–૭–૦૮ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં. ૪/૨૯૪ વાળી મિલ્કતમાં કોટેજ ઈન્ડસ્ટ્રીઝના નામે ચાંદી ગીલીટ,જરીગીલીટના ચાલતા કારખાનામાં પોટાશ, પોટેશ્યમ સાઈનાઈડ ,સેલો લેકર, સ્પીરીટ, એસીડ, જેવા કેમીકલ્સ વપરાશ થાય છે. તે બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ની હોય શા માટે બંધ કરાવવામાં આવેલ નથી તેમજ સેન્ટ્રલઝોન ફાયર વિભાગ આરોગ્ય વિભાગ ૪/૨૯૪ વાળી મિલ્કતમાં કેમીકલ્સ વપરાશ થાય છે તે બાબતે કેટલી વખત સ્થળ તપાસ કરી અને શું શું કાર્યવાહી કરી તે નકલ ફાળવવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૮/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૬–૭–૦૮ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં. ૪/૨૯૪ વાળી મિલ્કતમાં કોટેજ ઈન્ડસ્ટ્રીઝના નામે ચાંદી ગીલીટ, જરીગીલીટના ચાલતા કારખાનામાં પોટાશ,પોટેશ્યમ સાઈનાઈડ,સેલો લેકર, સ્પીરીટ,એસીડ, જેવા કેમીકલ્સ વપરાશ થાય છે. તે બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ની હોય શા માટે બંધ કરાવવામાં આવેલ નથી તેમજ સેન્ટ્રલઝોન ફાયર વિભાગ આરોગ્ય વિભાગ ૪/૨૯૪ વાળી મિલ્કતમાં કેમીકલ્સ વપરાશ થાય છે તે બાબતે કેટલી વખત સ્થળ તપાસ કરી અને શું શું કાર્યવાહી કરી તે નકલ ફાળવવા બાબતે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ.૫૪૯ તા.૧૨–૮–૦૮ થી આપેલ માહિતી માંગ્યા પ્રમાણેની માહિતી ખોટી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૪ તા.૧૨–૯–૦૮ થી આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ તરફથી સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૨૭ તા.૧૯–૯–૦૮ ના પત્રથી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને તા.૧૬–૭–૦૮ ની અરજી બાબતે સે. ઝોન/ આરટીઆઈ/૫૪૯ તા.૧૨–૮–૦૮ તેમજ સે. ઝોન/ આરટીઆઈ/૬૫૪ તા.૪–૯–૦૮ થી અરજદારને સ્થળ તપાસની નકલો પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં ચીફ ફાયર ઓફિસરને જરૂરી કાર્યવાહી અંગે પણ તા.૧–૮–૦૮ ના રોજ નકલ મોકલ્યાનો ઉલ્લેખ છે.પરંતુ નિયમ મુજબ ફાયર ખાતાના જાહેર માહિતી અધિકારીને કલમ–૬(૩) કે નિયમ–૪(૨) હેઠળ અરજી તબદીલની વિગતો જણાવેલ નથી. આ ઉપરાંત અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૫૪ તા.૪–૯–૦૮ થી આરોગ્ય વિભાગની માંગ્યા મુજબની તા.૨૭–૧૧–૦૭ તથા ૨૬–૭–૦૮ ની સ્થળ તપાસની નકલ પૂરી પાડયાની પત્રની નકલ તથા સ્થળ તપાસ રીપોર્ટની નકલની માહિતી અત્રે રજૂ કરેલ છે. અરજદારે મુળ અરજી તથા અપીલ અરજીમાં ફાયર વિભાગે શું તપાસ કરી કાર્યવાહી કરી તેની માહિતી અંગે રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નોની રજૂઆત કરેલ છે. આપેલ માહિતીમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા આ એકમો શરૂ કરવાની પરવાનગી તેઓ કક્ષાએથી નહીં અપાતી હોવાનું પરંતુ નિર્દિષ્ટ પદાર્થોના સં ગ્રહ/વપરાશ પરવાનગી અપાતી હોવાનો ઉલ્લેખ કરેલ છે જ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આરોગ્ય વિભાગને લગતી માહિતી પૂરી પાડેલ છે જયારે માહિતી પૈકીની ફાયર વિભાગને લગતી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ ન હોઈ નહીં પૂરી પડાયેલ સદર ફાયર વિભાગની માહિતી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ આનુષાંગિક તકરાર નિવારણ અંગે સક્ષમ સતતાનો સંપર્ક કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.**કમિશનર(જનરલ),**
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ*** (૧) જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન/ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,